# ઠરાવો-પરિપત્રો

## સરકારી કર્મચારીઓ માટે 12 અને 24 વર્ષે ઉચ્ચતર પગારધોરણ આપવાની યોજના અંગે

નાણા વિભાગ, ક્રમાંક : પગર-102007-615-મ(ભાગ-1)
સચિવાલય, ગાંધીનગર, તા. 17-12-2007

પ્રતિ,
નિરીક્ષકશ્રી,
સ્થાનિક હિસાબ ભંડોળ,
વીમા અને લેખાભવન, ડૉ. જી. મ. ભવન,
ગાંધીનગર-380 010.

વિષય : સરકારી કર્મચારીઓ માટે 12 અને 24 વર્ષે ઉચ્ચતર પગારધોરણ આપવાની યોજના.

મહોદય,

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તા. 26-10-2007 ના પત્રક્રમાંક એલ/એચક્યુ/ટેક.-4/પે.વે./1862 અન્વયે તા. 20-11-2007 ના નાયબ સચિવશ્રી (સેવા)ની અધ્યક્ષતામાં મળેલ મિટિંગમાં આપના પત્રમાં ઉપસ્થિત થયેલ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા દરમિયાન આ મુદ્દાઓ પરત્વે આ સાથેના પત્રક મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

નાણાં વિભાગના તા. 2-7-2007 ના ઠરાવ અન્વયે 12 અને 24 વર્ષની ઉચ્ચતર પગારધોરણની યોજના અમલમાં મૂકવામાં આવી છે. તે બાબતે આપવામાં આવેલ માર્ગદર્શન ધ્યાનમાં લઈને તે અંગેના કેસો નિયમિત કરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

સહી, એચ.ડી.સેઈલર
ઉપસચિવ, નાણાં વિભાગ

પ ત્ર ક

## 12 અને 24 વર્ષે ઉચ્ચતર પગારધોરણની યોજનાના સંદર્ભમાં મુદ્દાઓ અને સ્પષ્ટતા

| ક્રમ | મુદ્દો | જોગવાઈ | સ્પષ્ટતા |
|---|---|---|---|
| 1 | ઠરાવના અમલની તારીખ બાબત | નાણાં વિભાગના તા. 2-7-'07 ના ઠરાવના ક્રમ-(2)(4)(ક) આ હુકમોની રવાનગીના રોજ અને ત્યારબાદથી નવ વર્ષની સેવા પૂર્ણ કરનાર કર્મચારીઓને આ હુકમોની જોગવાઈઓ હેઠળ પ્રથમ ઉચ્ચતર પગારધોરણ 12 વર્ષે મળવાપાત્ર થશે. | (અ) આ જોગવાઈના સંદર્ભમાં નાણાં વિભાગના તા. 2-7-2007 ના ઠરાવનો અમલ તા. 2-7-2007 થી કરવાનો રહેશે. એટલે કે આ તારીખ પહેલાં જેમને નવ વર્ષની સેવા પૂરી કરી હશે તેમને નાણાં વિભાગના તા. 16-8-'94 ના ઠરાવની જોગવાઈઓને આધીન પ્રથમ ઉચ્ચતર પગારધોરણ 9 વર્ષે મળવાપાત્ર થશે. જ્યારે આ ઠરાવની તારીખે કે ત્યારબાદ જેમણે નવ વર્ષની સેવા પૂર્ણ થશે તેમને પ્રથમ ઉચ્ચતર પગારધોરણ 12 વર્ષે ઠરાવની અન્ય શરતોને આધીન મળવાપાત્ર થશે. |
| | | નાણાં વિભાગના તા. 2-7-'07 ના ઠરાવના ક્રમ (2)(4)(બ) નાણાં વિભાગના તા. 16-8-'94 તેમજ તા. 1-4-'04 ના ઠરાવ ક્રમાંક : પગર-112004-82-મ ના ઠરાવની જોગવાઈઓ મુજબ જે કર્મચારીને 9 વર્ષે પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મળી ગયેલ હશે, તેને આ ઠરાવ હેઠળ બીજું ઉચ્ચતર પગારધોરણ 9 વર્ષે મળેલ પ્રથમ ઉચ્ચતર પગારધોરણની તારીખના 15 વર્ષ બાદ એટલે કે 24 વર્ષે મળવાપાત્ર થશે. | (બ) તા. 2-7-2007 પહેલા નાણાં વિભાગના તા. 16-8-'94 ના ઠરાવ મુજબ 18 વર્ષે બીજું ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થતું ન હોય તો નાણાં વિભાગના તા. 2-7-2007 ના ઠરાવમાં ફકરા-2(4)(બ) મુજબ પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કર્યા તારીખથી 15 વર્ષ ગણતાં જો કર્મચારી તા. 2-7-2007 પહેલાંની તારીખે નાણાં વિભાગના તા. 2-7-2007 અને તા. 14-9-'07 તથા તેમાં વખતોવખતના સુધારા મુજબની જોગવાઈઓ સંતોષતા હોય તો તેને તે તારીખથી દ્વિતીય ઉચ્ચતર પગારધોરણ 24 વર્ષનું મંજૂર કરવાનું રહેશે. |
| 2 | એક સાથે બે ઠરાવના અમલ બાબત | નાણાં વિભાગનો તા. 16-8-'94 નો ઠરાવ અને તા. 2-7-'07 નાં ઠરાવનો ફકરો-2(4)(બ) | તા. 2-7-2007 પહેલાં જે કર્મચારીને તા. 16-8-'94 ના ઠરાવની જોગવાઈ મુજબ 9, 18 અને 27 વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થતું હોય તો તેવા કર્મચારીને તા. 16-8-'94 ના ઠરાવની જોગવાઈ મુજબ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવાનું રહેશે. પરંતુ જેમને દ્વિતીય કે તૃતીય ઉચ્ચતર પગારધોરણ તા. 16-8-'94 ના ઠરાવ મુજબ મળવાપાત્ર થતું ન હોય, તેમને નાણાં વિભાગના તા. 2-7-2007 ના ઠરાવના ફકરા-2(4)(બ) પ્રમાણે તા. 16-8-'94 ના ઠરાવથી મળેલ પ્રથમ ઉચ્ચતર પગારધોરણથી 15 વર્ષે બીજું ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે. |
| 3 | વિકલ્પ બાબત | તા. 2-7-'07 ના ઠરાવના ફકરા-2(4)(ક) આ હુકમોની રવાનગીના રોજ અને ત્યારબાદથી 9 વર્ષની સેવા પૂર્ણ કરનાર કર્મચારીઓને આ હુકમોની જોગવાઈઓ હેઠળ પ્રથમ ઉચ્ચતર પગારધોરણ 12 વર્ષે મળવાપાત્ર થશે. આ બાબતે | પ્રથમ અને દ્વિતીય ઉચ્ચતર પગારધોરણને પાત્ર થતાં કર્મચારીને પસંદગીનું ઉચ્ચતર પગારધોરણ સ્વીકારવા બાબતે કોઈ વિકલ્પ આપી શકાશે નહિ. |